**મે. સુરતના ૧૧ માં એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક સાહેબની કોર્ટમાં, સુરત.**

ફોજ. કેસ નં.**૫૯૮૨૯–૨૦૨૪**

**ફરીયાદી :– સરકારશ્રી**

વિરૂદ્ધ

**આરોપી :–(૧) સંદિપકુમાર મહેશભાઈ પટેલ**

**ગુનો– <u>જુગારધારા ની કલમ–૧૨(અ) મુજબનો</u>**

–// ચુકાદો //–

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ સામે ઉપરોકત ગુનાનું તહોમતનામુ છે.આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ તેઓ પોતાનો ગુનો કબુલ કરવા માંગતા હોય તે મુજબની કબુલાત પુરશીસ રજુ કરતા તેઓની સામેના ગુના અંગે પ્લી રેકર્ડ કરી ગુનાની હકીકત વાંચી, સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાની સ્વખુશી કબુલાત કરેલ હોય જે આરોપીઓની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. આરોપીઓને ગુના અંગે તકસીરવાન ઠરાવી સજા અંગે પુછતા આરોપીઓ ગરીબ માણસ છે.આ પ્રથમ ગુનો છે, થયેલ ભુલ બદલ પસ્તાવો વ્યકત કરી હવે પછી આવી ભુલ નહી થાય તેની ખાતરી આપે છે તેમજ પોતાની ભુલ બદલ હળવી સજા કરવા અંગે અરજ ગુજારેલ છે. ઉપરોકત સંજોગો,ગુનાની હકીકત અને સજાની જોગવાઈ જોતા ન્યાયના હીતમાં આરોપીઓની કબુલાત સ્વિકારી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–ઃ હુકમ ઃ–

આ કામના પ્રત્યેક આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૨ અન્વયે જુગારધારા એકટની કલમ ૧૨(અ) મુજબના શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. પ્રત્યેક આરોપીઓને રૂ .૫૦૦/– (અંક રુપિયા  બસો પુરા) લેખેનો દંડ કરવામાં આવે છે, જો આરોપીઓ દંડ ન ભરે તો દિન–૧ (એક) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં  જણાવેલ કબજે લેવામાં આવેલ મુદ્દામાલ બાબતે આરોપીઓની અંગ ઝડતીના તથા દાવ ઉપર રોકડા રૂપિયા તે સરકાર ખાલના કરવાનો હુકમ કરવામાં આવે છે.ગંજી પાનાના જેની કિમંત  રૂ.૦૦.૦૦ જેનો નાશ કરવાનો. મુદ્દમાલ વાહન,મોબાઈલ ફોન વિગેરે જો વેલ્યવએબલ મુદ્દામાલ કબજે કરેલ હોય તે અંગે ઈન્કવાયરી કરી માલિકી અંગે ખરાઈ કરી પરત કરવું. આ અંગે અગાઉ હુકમ કરેલ હોય તો કાયમ રાખવો. જુગારધારા અન્વયે નોન વેલ્યુએબલ મુદ્દામાલ અપીલ સમય વિત્યાબાદ  નિયમ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૨/૦૬/૨૦૨૪ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભવાલી જાહેર કર્યો.

તા.૨૨/૦૬/૨૦૨૪

**(કુ.એસ.એન.મોદી)**

**૧૧માં એડી.જયુડી.મેજી.ફ.ક.સુરત**

**જી.જે.૦૧૬૮૨**

Cash Amt.Rec.of
Fine/Penalty for Rs...-
(Rs..
by Receipt No..............................
Dt.  ૨૨/૦૬/૨૦૨૪

Suprintendent